અપીલ અરજી નં. ૫૯૮ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૨–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પાંડેસરા મોજે રે.સ.નં.૯૯,૧૦૦,૧૦૧ પૈકી સી.ઓ.પી. ૨૦ પૈકીમાં કરવામાં આવેલ બાંધકામની પરવાનગી, રજા–ચિઠ્ઠી, માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ સહિતની સંપૂર્ણ માહિતી.(૨)આ બાંધકામ કરવા સારું જે જે દસ્તાવેજો ખરેખર રજુ કરવાના થતા હોય તેની તથા તેઓએ રજુ કરેલ માલીકીના પુરાવા તથા બાંધકામની પરવાનગી માટેની અરજી સહિત જે જે દસ્તાવેજો રજુ કરેલ હોય તેની તારીખ સહિતની વિગતવાર માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૮/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૨–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પાંડેસરા મોજે રે.સ.નં. ૯૯, ૧૦૦, ૧૦૧ પૈકી સી.ઓ.પી. ૨૦ પૈકીમાં કરવામાં આવેલ બાંધકામની પરવાનગી, રજા–ચિઠ્ઠી, માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ સહિતની સંપૂર્ણ માહિતી. (૨) આ બાંધકામ કરવા સારું જે જે દસ્તાવેજો ખરેખર રજુ કરવાના થતા હોય તેની તથા તેઓએ રજુ કરેલ માલીકીના પુરાવા તથા બાંધકામની પરવાનગી માટેની અરજી સહિત જે જે દસ્તાવેજો રજુ કરેલ હોય તેની તારીખ સહિતની વિગતવાર માહિતી વિ.મુદ્દા નં. (૧)થી (૬)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી (મ.શ.વિ.)ના પત્ર નં. ટી.ડી.ઓ /૩૯૮ તા. ૧૬–૧૨–૧૧ તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં.સા.ઝોન/ટેક/ ૬૧૦ તા. ૨૭–૧૨–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ખાસ કરીને મુદ્દા નં.૬ અંગે જોગવાઈ/ નિયમ મુજબ કોના કાર્યક્ષેત્રમાં આવે છે જાહેર માહિતી અધિકારી તરીકે મુદ્દા નં.૫ પૈકી કેટલી–કઈ બાબત તેમના કાર્યક્ષેત્રની છે તે સ્પષ્ટ કરવા સાથે માહિતીની દફતરી વિગતો જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૭૨૭ તા.૧૦–૨–૧૨ થી** ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી(ટી.ડી.ઓ.) ના તા. ૨૧–૧૨–૧૧ના સમય મર્યાદામાંના પ્રસ્તાવ અનુસાર તપાસણી– ચાર્જ ભરી નકલો મેળવેલ છે કે કેમ ? તે બાદની નારજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૮૨૮ તા.૨૯–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૧૯ તા.૧૪–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૬૧૦ તા.૨૭–૧૨–૧૧ ના પત્રથી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, રીલાયન્સ ઈન્ફો. લી. ને આપેલ તા.૧૭–૪–૦૬ નું 'ન' વાંધા પ્રમાણપત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૬૮ તા.૨૨–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૯૮ તા.૧૬–૧૨–૧૧ થી મુદ્દા નં.૬ અંગે કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને અંશતઃ તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૧૦ તા.૨૧–૧૨–૧૧ ના પત્રની નકલ, કમિ.શ્રીના પત્ર

નં.ટીડીઓ/૪૮૪૯ તા.૨૭–૩–૦૨ ના પરિપત્રની નકલ, કમિ.શ્રીના પત્ર નં.ટીડીઓ/૧૫૦૯ તા.૨૨–૬–૦૭ ના પરિપત્રની નકલ, કમિ.શ્રીના ટીડીઓ/૧૬૮૦ તા.૨૯–૭–૦૮ ના પરિપત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૨–૧૨–૧૧ ની અરજીથી પાંડેસરા મોજે રે.સ.નં. ૯૯, ૧૦૦, ૧૦૧ પૈકી સી.ઓ.પી. ૨૦ પૈકીમાં કરવામાં આવેલ બાંધકામની પરવાનગી, રજા–ચિઠ્ઠી, માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ સહિતના મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી ડે.કમિ.(પીએન્ડડી)ને સંબોધતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૭૧૯ તા.૧૪–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તથા ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૯૮ તા.૧૬–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને મુદ્દા નં.૬ પૂરતી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૧૦ તા.૨૧–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૬ અંગે ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૧૦ તા.૨૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૬ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) પાંડેસરા મોજે રે.સ.નં. ૯૯, ૧૦૦, ૧૦૧ પૈકી સી.ઓ.પી. ૨૦ પૈકીમાં કરવામાં આવેલ બાંધકામની પરવાનગી, રજા–ચિઠ્ઠી, માળ, ક્ષેત્રફળ, પાર્કીંગ સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં મોજે પાંડેસરા ગુજરાત હાઉસીંગ બોર્ડ રે.સ. નં.૯૯,૧૦૦,૧૦૧, ઓપન પ્લોટ નં.૨૦ વાળી મિલ્કતમાં ટીડીઓ/ડીપી /નં.૧૨ તા.૧૫–૯–૦૫ થી પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગે પ્લાનોની નકલ તથા રજાચિઠ્ઠીની નકલો પેટે રૂા.૩૪૦/– મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ કચેરીએ ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. જેમાં તેમના માંગ્યા મુજબની વિગતો દર્શાવવામાં આવી છે. તેવું જણાવેલ છે. (૨) આ બાંધકામ કરવા સારું જે જે દસ્તાવેજો ખરેખર રજુ કરવાના થતા હોય તેની તથા તેઓએ રજુ કરેલ માલીકીના પુરાવા તથા બાંધકામની પરવાનગી માટેની અરજી સહિત જે જે દસ્તાવેજો રજુ કરેલ હોય તેની તારીખ સહિતની વિગતવાર માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીપ્રશ્નવાળી મિલ્કતના દસ્તાવેજો તથા માલિકીના પુરાવાની નકલો પેટે રૂા.૧૫૨/– મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ કચેરીએ ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ આ બાંધકામ સીઓપીની જગ્યામાં થયું હોવાથી તે જ શહેર વિકાસ અધિકારી ધ્વારા શહેર ભરમાં અન્ય જે જે સીઓપીની જગ્યામાં બાંધકામ કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે તેની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૪ આ જ શહેર વિકાસ અધિકારી ધ્વારા અન્ય જે જે સીઓપીની જગ્યામાં બાંધકામ કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે તેની સંપૂર્ણ માહિતી. તેવા મંદ્દા નં.૩ અને ૪ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપે માંગેલ વિગતો /માહિતી સ્વરૂપે ઉપલબ્ધ નથી. પરંતુ સને ૨૦૦૬ થી ૨૦૧૧ સુધીની વિકાસ પરવાનગીની ફાઈલો ઉપલબ્ધ છે જેની ચકાસણી કરી તમો માહિતી મેળવી શકો છો. જે માટે પ્રથમ ત્રીસ મિનિટ માટે કોઈ ચાર્જ નથી ત્યાર બાદ પ્રતિ ૩૦ મિનિટના રૂા.૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરી ઈન્સ્પેકશન કરી શકો છો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ તત્કાલીન શહેર વિકાસ અધિકારીશ્રી કે.એસ.પટેલ વિરુધ્ધ તેઓની નોકરીની શરૂઆતથી આજ સુધીમાં તેઓ વિરુધ્ધની ફરીયાદો કાર્યવાહી સારું આવેલ અરજીઓ તેમજ તે સંદર્ભ થયેલ અને ન થયેલ કાર્યવાહીના આધાર પુરાવા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મધ્યસ્થ શહેર વિકાસ કક્ષાએથી રેકર્ડ નિભાવવામાં આવતો નથી પરંતુ ઈન્વર્ડ રજીસ્ટરનું અગાઉથી કચેરીના સમય અને તારીખ મેળવી રૂબરૂ નિરીક્ષણ કરી શકો છો. આ માટે પ્રથમ ૩૦ મિનિટ માટે કોઈ ચાર્જ નથી. ત્યાર બાદ પ્રતિ ક ૩૦ મિનીટના રૂા.૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. ઉકત નિરીક્ષણ બાદ તમો જે નકલોની જરૂરીયાત હોય તે જણાવ્યાથી તેની નિયત ફી ભરપાઈ કર્યેથી ઉકત નકલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મુદ્દા નં.૬ ઉપરોકત સર્વે નંબરના બાંધકામની છત ઉપર જે મોબાઈલ ટાવર લગાવવા માટે જે પરવાનગી આપેલ છે તે પરવાનગી માટે જે દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હોય તે તથા ખરેખર જે જે દસ્તાવેજો રજૂ કરવાના થતા હોય તેની તેમજ સીઓપીની માર્જીનવાળી જગ્યામાં આવા ટાવર માટે પરવાનગી આપી શકાય કે ન આપી શકાય તે માટેની કાયદેસરતાની વિગતવાર માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ઉધનાઝોનના શહેર વિકાસ ખાતાને સ્પર્શતી અંશતઃ માહિતી બાબતે જણાવવાનું કે અરજીમાં જણાવેલ મુદ્દા નં.૬ અંગે દફતરી રેકર્ડ પર કોઈ વિગત ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી.. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે પત્ર નં.ટીડીઓ/૩૯૮,૪૧૦ અને ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/૬૧૦ થી આપેલ માહિતીથી નારાજ થઈ તા.૩–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં સીઓપીમાં થયેલ બાંધકામ સુમપા ધ્વારા ડીમોલીશન કરવામાં આવે છે તો આ પ્લાન સીઓપીમાં જગ્યામાં પાસ થયો કઈ રીતે તે ગેરરિતી અંગેની માહિતી ન આપવાના કારણો. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને સદર મિલ્કતમાં ટીડીઓ/ડીપી નં.૧૨ તા.૧૫–૫–૦૯ થી પરવાનગી આપવામાં આવેલ છે તથા પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ પેટે રૂા.૩૪૦/– ભરપાઈ કરીને માહિતી આપવા જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પણ અરજદારે માંગેલ માહિતીના નિયમોનુસાર નાણા જમા કરાવેલ

ન હોય માહિતી આપી શકાયેલ નથી તેવું જણાવેલ છે આથી અરજદારે અપીલમાં સીઓપીમાં પ્લાન પાસ કઈ રીતે થયો તેવી મનઘડત રજૂઆત માહિતી મેળવ્યા વિના કરેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે. વધુમાં અરજદારને અપીલ તબકકે તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

અપીલના મુદ્દા નં.ર માં મુદ્દા નં.પ માટે જાહેર માહિતી અધિકારી ધ્વારા અન્ય ઝોન કે વીજીલન્સ ઓફિસર કે ખાતાકીય તપાસ અધિકારીને અરજી ન મોકલી કે એસ. પટેલ ને છાવરી તેઓને આવેલ વિરુધ્ધ છુપાવવા અને સાચી માહિતી ન આપવાના કારણો. મુદ્દા નં.પ માં જાહેર માહિતી અધિકારીએ મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પૂરક વિગતોમાં અરજદારે માંગેલ માહિતી નિયમ અનુસાર નાણા જમા કરાવેલ ન હોય માહિતી આપી શકાયેલ નથી. વધુમાં અરજદારને પાઠવેલ જવાબમાં વર્ણવેલ વિગતો સ્વયં સ્પષ્ટ છે. તેવું પણ જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પૂરક વિગતોમાં ઝોન કચેરીએથી કોઈ માહિતી કે જવાબ અરજદારે પાઠવવાનો ન હોવાનું ફલિત થાય છે સદર ટાવરની પરવાની મ. શહેર વિકાસ વિભાગ ધ્વારા જ ટીડીઓ/ર૦૭ તા.૧૭–૪–૦૬ થી આપવામાં આવેલ હોય સદર પરવાનગી આપતી વખતે રજૂ કરેલ પુરાવા દસ્તાવેજો કે જેની માંગણી અરજદારે કરેલ છે તે પણ મધ્યસ્થ શહેર વિકાસ ધ્વારા આપવાની રહે છે સદર બાબત ઉધનાઝોન કચેરીએ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું પણ જણાવેલ છે. વધુમાં તે બાબતે જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે.

અપીલના મુદ્દા નં. ૩ માં મુદ્દા નં.૬ માટે પત્ર નં.ટીડીઓ/૩૯૮ તા.૧૬–૧ર–૧૧, સા.ઝોન/૬૧૦ તા.ર૭–૧ર–૧૧ થી બંને જાહેર માહિતી અધિકારી ધ્વારા ખો રમી રહયા છે અને મુદ્દા નં.૬ માટે એક બીજા ઉપર ઢોળી રહયા છે . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધયસ્થ શહેર વિકાસ તરફથી સદર વિગત ઝોન કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોય મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/૩૯૮ તા.૧૬–૧ર–૧૧ થી ઝોન કચેરીને તબદીલ કરાયેલ છે જે અંગે ડીસીઆર નિયમ–ર૦.૧૧ ની નકલ તથા પરિપત્રોની નકલ પણ રજૂ કરેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક./૬૧૦ તા.ર૭–૧ર–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. કમિશ્નરશ્રીના પત્ર નં. ટીડીઓ/ર૭૪૯ તા. ર૭–૩–ર૦૦ર ટાવર બાબતેની અરજીઓ આવે તો તેમના અભિપ્રાય સહિત મ.શહેર વિકાસને રવાના કરવાની રહેશે. જે ઉધનાઝોને આવી કોઈ અરજીઓ નહી આપ્યાનું જણાવેલ છે.

આમ અરજદારને જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ વિભાગ તરફથી નાણા ભરી માહિતી પૂરી પાડવા મુદ્દા નં. ૧ અને રમાં જણાવેલ છે. જયારે મુદ્દા નં. ૩ ,૪ અને પ માં ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા જણાવેલ છે. આથી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદામાં કરેલા પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જયારે મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનની પૂરક વિગતો ધ્યાને લેતાં ર૦૦૭ પહેલાની બાબત હોઈ ર૦૦ર ના પરિપત્ર મુજબ મધ્યસ્થ શહેર વિકાસ કક્ષાએથી કાર્યવાહી કર્યાનું અનુમાનિત થાય. તેની કાર્યવાહી બાદ તુમાર ઝોનને મોકલ્યાની કોઈ પૂરક વિગતો ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી અત્રે રજૂ થયેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–ર–૧ર ધ્યાને લેતાં ૩–૩–૧ર સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૮–૦૩–૧ર સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ર૦૧ર દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૧૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી તરફથી ઈન્સ્પેકશન સહિત જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવા પ્રસ્તાવ કરવામાં આવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર કે તેમના નિરીક્ષણ દરમ્યાન જરૂરી ખપ પૂરતી નકલો મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી રજૂઆત થયેથી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ નકલો પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૬ અંગેની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,